# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

- ✓ ભારત અને માર્શલ આઇલેન્ડ્સ વચ્ચે ચાર સામુદાયિક વિકાસ પ્રોજેક્ટ્સનાં અમલ માટે સમજૂતિ પત્ર પર હસ્તાક્ષર..
- ✓ કૌશલ્ય ભારત યોજના અંતર્ગત અત્યાર સુધી એક કરોડ 36 લાખ લોકોને કૌશલ્ય વિકાસની તાલીમ અપાઈ..
- ✓ ખાદ્ય ચીજોનો ફુગાવો વધીને 10.87 ટકાઃ જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો સતત ચોથા મહિને વધ્યો..
- ✓ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદઃ સુરત જિલ્લાનાં ઉમરપાડામાં છ કલાકમાં 15 ઇંચ...
- ✓ નેપાળના પ્રધાનમંત્રી પદે કે.પી. શર્મા ઓલી અને 21 મંત્રીઓએ શપથ લીધા..
- ✓ સ્પેને ઇંગલેન્ડને હરાવી ચોથી વાર યુરોપિયન સોકર ચેમ્પિયનશીપ ખિતાબ મેળવ્યોઃ કોપા અમેરિકન ચેમ્પિયનશીપમાં આર્જેન્ટીના કોલંબિયાને હરાવ્યું..

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JAISHANKAR MARSHALL ISLANDS

વિદેશમંત્રી ડોક્ટર એસ જયશંકરે આજે જણાવ્યું હતું કે, ભારત અને માર્શલ આઇલેન્ડ્સ મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોનો લાંબો ઇતિહાસ ધરાવે છે. માર્શલ આઇલેન્ડ્સમાં ચાર સામુદાયિક વિકાસ યોજનાનાં અમલીકરણ માટે ભારતે આજે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા.

આ પ્રસંગે ડોક્ટર જયશંકરે જણાવ્યું હતું કે, પ્રશાંત મહાસાગરના આ ટાપુઓ નાના નથી, પણ વિશાળ સમુદ્રી દેશો છે. તેમણે જણાવ્યું કે, સાતત્યપૂર્ણ વિકાસ માટે પ્રશાંત ટાપુઓને મદદ કરવી એ ભારત પોતાની ફરજ સમજે છે. વિદેશમંત્રીએ કહ્યું કે, ભારત અને માર્શલ આઇલેન્ડ્સ જળવાયુ પરિવર્તન, કુદરતી વિનાશ, ગરીબી નાબૂદી અને આરોગ્યસંભાળ જેવા સમાન પડકારો ધરાવે છે..

## WORLD SKILL DAY

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી જયંત ચૌધરીએ જણાવ્યું છે કે, કૌશલ્ય ભારત યોજના અંતર્ગત અત્યાર સુધી એક કરોડ 36 લાખથી વધુ લોકોને કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવી છે.

આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી ચૌધરીએ જણાવ્યું કે, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રમાં ભારતે ખૂબ સારી કામગીરી કરી છે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં આ ક્ષેત્રમાં મેળવેલી સફળતાઓને આધારે મંત્રાલય વધુ કેટલીક સમાવેશી યોજનાઓ તૈયાર કરશે, જેથી વર્ષ 2047માં ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવામાં યોગદાન આપી શકાય.

## SC-NEET

સર્વોચ્ચ અદાલતે નીટ-યુજી પ્રશ્નપત્ર લીક થવાના કેસમાં રાજસ્થાન વડી અદાલતમાં અનિર્ણિત ફરિયાદોને સર્વોચ્ચ અદાલતમાં ટ્રાન્સફર કરવાની માંગણી કરતી અરજીઓને પગલે નોટિસ પાઠવી છે.

ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને અને ન્યાયમૂર્તિ મનોજ મિસરાની બનેલી પીઠે ફરિયાદીઓને નોટિસ પાઠવી હતી અને આ મુદ્દે હાલમાં પેન્ડિંગ કેસ સાથે ટ્રાન્સફર પિટીશનને જોડવા નિર્દેશ આપ્યો હતો. જો કે બેન્ચે રાજસ્થાન વડી અદાલત સમક્ષ અનિર્ણિત કાર્યવાહી પર મનાઇ હૂકમ આપવા ઔપચારિક આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો.

## WPI Inflation

શાકભાજી અને ઉત્પાદિત ચીજોનાં ભાવમાં વધારાને કારણે દેશમાં જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો જૂન મહિનામાં સતત ચોથા મહિને વધીને 3.36 ટકા થયો છે. મે મહિનામાં ફુગાવો 2.26 ટકા અને જૂન 2023માં માઇનસ 4.18 ટકા હતો. ઉપલબ્ધ આંકડા પ્રમાણે ખાદ્ય ચીજોનો ફુગાવો મે મહિનામાં 9.82 ટકાથી વધીને જૂન મહિનામાં 10.87 ટકા થયો હતો.

ગયા મહિને શાકભાજીનાં ભાવમાં 32.42 ટકા, ડુંગળીનાં ભાવમાં 93.35 ટકા, બટાકાના ભાવમાં 66.37 ટકા અને કઠોળનાં ભાવમાં 21.64 ટકાનો તીવ્ર વધારો થયો હોવાથી ફુગાવો વધ્યો છે. ઉત્પાદિત ચીજોનાં ભાવમાં 1.43 ટકા વધારો થયો હતો.

ગયા મહિને પ્રસિધ્ધ થયેલા છુટક ફુગાવાનો આંક પણ 5.1 ટકાની ચાર મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

# WEATHER UPDATE

આજે ગુજરાતભરમાં સાર્વત્રિક વરસાદ પડ્યાના અહેવાલ છે. છેલ્લાં 24 કલાકમાં દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું હતું.

રાજ્યમાં સૌથી વધુ 15 ઇંચ વરસાદ સુરતના ઉમરપાડા તાલુકામાં પડ્યો છે. આજે સવારે છથી સાંજના છ વાગ્યા સુધીમાં ગુજરાતનાં 50 તાલુકામાં એક ઇંચથી વધુ અને પાંચ તાલુકામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આવતીકાલ માટે દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, તેમજ દાદારનગર અને હવેલીમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. આજે મહારાષ્ટ્રનાં અનેક ભાગોમાં અતિ ભારે વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આવતીકાલે પણ ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ,ગોવા, તટીય કર્ણાટક અને કર્ણાટકનાં અંતરિયાળા પ્રદેશોમાં છુટાછવાયો અતિ ભારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી છે. દ્વિપકલ્પ અને નજીકનાં મધ્ય ભારતનાં કેટલાંક ભાગોમાં આગામી ચારથી પાંચ દિવસ ચોમાસુ સક્રિય રહે તેવી સંભાવના છે.દરમિયાન, મહારાષ્ટ્રના મોટા ભાગનાં વિસ્તારોમાં ગઈ કાલથી સામાન્યથી ભારે વરસાદના અહેવાલ છે. રાયગડ, રત્નાગીરી, જળગાંવ, ઔરંગાબાદ અને જાલના જિલ્લામાંભારે વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અમારા મુંબઇનાં પ્રતિનિધી પ્રાર્થના જણાવે છે કે, હવામાન વિભાગે આવતીકાલ સુધી મધ્ય મહારાષ્ટ્રમાં છુટોછવાયો અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે. મુંબઇ શહેર અને તેના પરા વિસ્તારો,

ઉપરાંત પાલઘર અને થાણેમાં મધ્યમ વરસાદનાં ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જમીન ધોવાણને કારણે કોંકણ રેલવેની ટ્રેન સેવાઓ ખોરવાઈ ગઈ છે. આજે રાજધાની દિલ્હીમાં વરસાદ પડતાં ગરમી અને ભેજથી રાહત મળી હતી.

## AMIT SHAH- FLOOD STATES

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે આજે આસામ, ગુજરાત અને ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રીઓ સાથે વાત કરી અને રાજ્યોમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી. શ્રી શાહે આ રાજ્યોમાં વધેલા પાણીના સ્તર વિશે માહિતી મેળવી. ગૃહ મંત્રીએ તેમને કેન્દ્ર તરફથી શક્ય તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી...

## RBI RISK MANAGEMENT

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ સોમવારે બેન્કો, નોન બેન્કિંગ ફાઇનાન્સિયલ કંપનીઓ અને હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ માટે છેતરપિંડીનાં જોખમ સામે સાવચેતી રાખવાનાં પગલાં લેવા ત્રણ સુધારેલા નિર્દેશ જારી કર્યા હતા.

આ નિર્દેશ સિદ્ધાંતો પર આધારિત છે અને બેન્કો, એનબીએફસી તથા સહકારી બેન્કો જેવી નિયંત્રિત સંસ્થાઓનાં સંચાલન અને ગુના તથા છેતરપિંડી ડામવામાં બોર્ડની ભૂમિકાને મજબૂત બનાવે છે. આ નિર્દેશો પ્રાદેશિક ગ્રામીણ બેન્કો, ગ્રામીણ સહકારી બેન્કો અને હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓને પણ લાગુ પડે છે.

## NEPAL NEW PM

નેપાળના નવા પ્રધાનમંત્રી તરીકે કેપી શર્મા ઓલીએ 21 મંત્રીઓ સાથે આજે શપથ લીધા હતા. રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. અમારા કાઠમંડુના સંવાદદાતા જણાવે છે કે, પુષ્પ કમલ દહલે સત્તા ગુમાવતાં 72 વર્ષીય ઓલીએ ચાર પક્ષોની સંયુક્ત સરકારની રચના કરી હતી.

કાઠમુંડુમાં રાષ્ટ્રપતિના કાર્યાલય શીતલ નિવાસ ખાતે યોજાયેલા શપથગ્રહણ સમારોહમાં એનસી, યુએમએલ, જનતા સમાજબાદી પાર્ટી અને લોકતાંત્રિક સમાજબાદી પાર્ટીનાં ધારાસભ્યોએ શપથ લીધા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં શુભેચ્છા સંદેશ બદલ આભાર વ્યક્ત કરતા શ્રી ઓલીએ બંને પડોશી દેશો વચ્ચેનાં ઐતિહાસિક સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકરે નેપાળના વિદેશ મંત્રી તરીકે નિયુક્ત અર્ઝુ રાણા દેઉબાને અભિનંદન પાઠવ્યા છે.

## FOOTABALL..EURO AND COPA

બર્લિનમાં રમાયેલી યુરો 2024ની ફાઇનલમાં સ્પેને ઇંગલેન્ડને 2-1થી હરાવીને ચોથી વાર ચેમ્પિયન બનવાનો વિક્રમ સર્જ્યો છે. વિલિયમ્સે સ્પેન વતી પ્રથમ ગોલ કર્યો હતો. સ્પેને સમગ્ર મેચ દરમિયાન સારો દેખાવ કર્યો હતો પણ ઇંગલેન્ડના કોલ પાલ્મરે 73મી મિનિટમાં ગોલ કરતા ટાઈ પડી હતી. જો કે 86મી મિનિટમાં માઇકલ ઓયારઝબાલે ગોલ કરીને સ્પેનને વિજય અપાવ્યો હતો.

દરમિયાન, મિયામીના હાર્ડ રોક સ્ટેડિયમ ખાતે રમાયેલી ફુટબોલની અન્ય સ્પર્ધા કોપા અમેરિકા ચેમ્પિયનશીપમાં આર્જેન્ટીનાએ કોલંબિયાને 1-0થી હરાવીને સતત બીજી વાર આ ચેમ્પિયનશીપમાં વિજય મેળવ્યો છે. આ સાથે આર્જેન્ટિનાએ 16 વાર આ સ્પર્ધા **જીતવાનો વિક્રમ સર્જ્યો છે.**

## VIKRAM MISERY

વિક્રમ મિસરીએ સોમવારે ભારતના વિદેશ સચિવ તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. વિદેશ મંત્રાલયે શ્રી મિસરીને સફળ કારકિર્દી માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી. એક્સ પર એક પોસ્ટમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ માહિતી આપી હતી.

50 વર્ષીય મિસરી વિનય મોહન કવાત્રાના અનુગામી બન્યા છે . વિદેશ મંત્રી એસ જયશંકરે છેલ્લાં એક દાયકામાં દેશની મહત્વની નિતીઓનાં ઘડતર અને અમલીકરણમાં શ્રી કવાત્રાનાં પ્રદાનની પ્રશંસા કરી હતી. શ્રી મિસરી ત્રણ પ્રધાનમંત્રીઓ- ઇન્દરકુમાર ગુજરાલ, મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીનાં અંગત સચિવ રહી ચૂક્યા છે. તેઓ ચીન, સ્પેન અને મ્યાંમારમાં ભારતના દૂત રહી ચૂક્યા છે.

## DELHI-RAILWAY-KANVAD YATRA

ઉત્તર રેલવેએ કાંવડ યાત્રા દરમિયાન શ્રધ્ધાળુઓની સુવિધા માટે વ્યાપક તૈયારી કરી છે. રેલવેના જણાવ્યા પ્રમાણે 22 જુલાઇથી 19 ઓગસ્ટ દરમિયાન ચાલનારી કાંવડ યાત્રા માટે હરિદ્વાર જતી ચાર ટ્રેનોનો વિસ્તાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પાંચ વિશેષ ટ્રેન ચલાવવામાં આવશે. અનેક ટ્રેનોનો વિરામ સમય લંબાવવામાં આવ્યો છે. રેલવેનાં

જણાવ્યા પ્રમાણે 24 ટ્રેનોમાં યાત્રી અને માલવહન ક્ષમતા વધારવા વધારાનાં ડબ્બા અને રેક જોડવામાં આવશે.

## LADAKH-KWMD

સંસદીય અને લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ આગામી કારગિલ વિજય દિવસ પૂર્વે કાશ્મીરના કારગિલ યુધ્ધ સ્મારક ખાતે ઓપરેશન વિજયના બહાદુર જવાનોને શ્રધ્ધાંજલિ આપી હતી..

શ્રી રિજિજૂએ તેમની મુલાકાત દરમિયાન લશ્કરના જવાનો સાથે વાત કરી હતી અને તેમનાં સમર્પણ તથા સેવા બદલ તેમની પ્રશંસા કરીને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, 1999નાં કારગિલ યુધ્ધ દરમિયાન બલિદાન આપનારા ભારતીય જવાનોની યાદમાં દર વર્ષે 26 જુલાઇનાં રોજ કારગિલ દિવસ મનાવવામાં આવે છે.